# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પોસ્ટ ઓફિસ નંબર ૧૦
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ ગુજરાત
નેક એક્રેડિશન ગ્રેડ "એ"
(૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

ફોન ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૯૫
ફેક્સ ૦૨૬૯૨-૨૩૬૪૯૫
ઇમેઇલ exam_spu@spuvvn.edu
વેબસાઇટ www.spuvvn.edu


**પરીક્ષા વિભાગ**

## <u>અગત્યનો</u>
## <u>પરિપત્ર</u>

**વિષય : સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાના આંતરીક ગુણ ઓનલાઇન પોર્ટલ પર એન્ટ્રી કરવાબાબત.**

**(સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની આંતરીક ગુણ જમા કરાવવાની છેલ્લી તારીખ : ૨૧/૦૪/૨૦૨૩)**

આથી સંબંધકર્તા સર્વે યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓને ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે **સ્નાતક કક્ષાના દ્વિતીય, ચતુર્થ અને છઠ્ઠાં સેમેસ્ટર તથા અનુસ્નાતક કક્ષાના દ્વિતીય અને ચતુર્થ સેમેસ્ટરના વિદ્યાર્થીઓના આંતરીક ગુણ** ઓનલાઇન એન્ટ્રી કરવા માટેની લીંક યુનિવર્સિટી વેબ સાઇટ ઉપર <u>**સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તારીખ: ૦૧/૦૪/૨૦૨૩ થી ૨૧/૦૪/૨૦૨૩**</u> સુધી ચાલુ રહેશે. **જેની ખાસ નોંધ લેવી.**

**વિદ્યાર્થીના આંતરીક ગુણ જમાં કરવા માટેની સુચનાઓ.**

(૧) ઓનલાઇન આંતરીક ગુણ એન્ટ્રી કર્યાબાદ **વિષયવાઇઝ સીટ ડાઉનલોડ** કરી, સંબંધકર્તા **અધ્યાપક તથા કલાર્ક દ્વારા વેરીફાઇ કરી તેમની સહી મેળવી**, જો કોઇ સુધારો હોય તો ઓનલાઇન પોર્ટલમાં સુધારો કરી તેની નવી પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીના જાણ સારૂ **નોટીસ બોર્ડ ઉપર મુકવી.**
**વિષયવાઇઝ સીટ ડાઉનલોડ** કરવા માટે:
(Pre-Examination Report Module → Internal Marks)

(૨) વિદ્યાર્થી દ્વારા પોતાના આંતરીક ગુણ તપાસતા જો કોઇ ભુલ જણાય તો **વિદ્યાર્થીઓએ સંબંધકર્તા વડાશ્રી/અધ્યાપક/આચાર્યશ્રીનું ધ્યાન દોરવું** તથા અધ્યાપક/આચાર્યશ્રી/વડાશ્રી દ્વારા જો ભુલ યોગ્ય જણાય તો તેનો જરૂરી સુધારો ઓનલાઇન પોર્ટલ પર કરવાનો રહેશે.

(૩) બધાજ સુધારા કર્યા બાદ માર્કસને યુનિવર્સિટી પોર્ટલ પર <u>લોક (Lock)</u> કરવા. એકવાર (Lock) કર્યા બાદ કોલેજ દ્વારા કોઇપણ પ્રકારનો સુધારો, કોલેજ પોર્ટલ પર કરી શકાશે નહી જેની ખાસ નોંધ લેવી.

(૪) (Lock) કર્યા બાદ કોન્સોલીડેટેડ (Consolidated) રીપોર્ટની પ્રિન્ટ આઉટ લઇ, વિદ્યાર્થીઓની સહી તેમના માર્કસ સામે ફરજીયાત લેવી. જેથી ભવિષ્યમાં આંતરીક ગુણના સુધારાને કોઇ પ્રકારનો અવકાશ રહે નહી.

(૫) વિદ્યાર્થીઓ દ્વારા સહી કરતા સમયે જો કોઇ પ્રકારની ભુલ જણાયતો <u>**૨૭/૦૪/૨૦૨૩**</u> સુધીમાં યુનિવર્સિટીમાં પત્ર દ્વારા, જરૂરી પુરાવા સાથે, માર્કસ રજૂ કર્યા પછી, યોગ્ય જણાશે તો સુધારો કરી શકાશે. **તારીખ : ૨૭/૦૪/૨૦૨૩ પછી** નિયમ અનુસાર માર્કસ સુધારાની કાર્યવાહી કરવાની રહેશે.

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પોસ્ટ બોક્સ નંબર ૧૦
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિશન ગ્રેડ "એ"
(૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

ફોન : ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫
ફેક્સ: ૦૨૬૯૨-૨૩૬૪૭૫
ઈમેલ exam_spu@spuvvn.edu
વેબસાઇટ www.spuvvn.edu


યુનિવર્સિટી દ્વારા વખતોવખત યુનિવર્સિટીમાં (ઓનલાઇન સબમીટ કરેલ) આંતરીક ગુણ જમાં કરાવતા પહેલા જરૂરી ચકાસણી કરવા તથા કાળજી લેવા બાબતે સંબંધકર્તાઓને જાણ કરવામાં આવે છે. તેમ છતાં યુનિવર્સિટીમાં જમાં કરાવવામાં આવતા આંતરીક ગુણોમાં **ઘણા પ્રકારની ભૂલો ધ્યાન પર આવે છે.** જેના લીધે વિદ્યાર્થીઓનાં પરીણામમાં વિલંબ થાય છે. જેની સીધી અસર વિદ્યાર્થીના ભવિષ્ય ઉપર પડે છે.

**ખાસ અગત્યનું**

| | |
|---|---|
| નોંધઃ (૧). | કોન્સોલીડેટેડ (Consolidated) રીપોર્ટ ની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીઓની સહિ કરાવી એક કોપી કોલેજ/વિભાગના વડાશ્રીના સહિ સિક્કા સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. |
| નોંધઃ (૨). | સદર વિદ્યાર્થીઓના આંતરીક ગુણ યુનિવર્સિટી પોર્ટલ ઉપર ઓનલાઇન જમા કરવામાં આવેલ છે તે તમામ વિદ્યાર્થીઓના **વિષય વાઇઝ** આંતરીક ગુણની હાર્ડ કોપી યુનિવર્સિટીમાં જમા ન કરાવતા કોલેજે/વિભાગોએ તેઓની પાસે સાચવીને રાખવા. |
| નોંધઃ(૩). | જ્યારે ઓફલાઇનના વિદ્યાર્થીઓના આંતરીક ગુણની હાર્ડ કોપી ૦૧ કોપી કોલેજ/વિભાગ ના વડાશ્રીના સહી સીક્કા સાથે પરીક્ષા વિભાગમાં જમા કરાવવી. |
| નોંધઃ(૪). | આંતરીક પરીક્ષાને લગતી તમામ જરૂરી માહિતીની યોગ્ય જાળવણી કરવી, આંતરીક ગુણ પરથી યુનિવર્સિટીને જરૂર જણાશે તો, જે તે કોલેજ/વિભાગ પાસેથી યુનિવર્સિટી દ્વારા જરૂરી પુરાવા સાથેની માહિતી મંગાવવામાં આવશે. |

**વિદ્યાર્થીનાં આંતરીક ગુણ બાબતે વડાશ્રી/આચાર્યશ્રી, અધ્યાપકો, ક્લાર્ક તથા વિદ્યાર્થીઓ માટેની ખાસ સુચનાઓ.**

૧. તમામ અધ્યાપકો, ક્લાર્ક તથા વિદ્યાર્થીઓને CBCS Regulations (2017-18) અંગે માહિતગાર કરાવવા www.spuvvn.edu/students_corner/ syllabi/ઉપલબ્ધ છે.

૨. વિદ્યાર્થી NPTA ન થાય તે અંગે કાળજી રાખવાના અગત્યના CBCS Regulations (2017-18) જેવા કે - R.6.7 (Attendance) R.6.8.(Continuous and Provisions Internal Assessment) R.6.9 (Preovisional for detaining a students at end Semester University Exam) વગેરે ધ્યાને લેવા.

૩. વિદ્યાર્થી દ્વારા પોતાના આંતરીક ગુણ જોતા જો તે નાપાસ હોય તો વિદ્યાર્થી દ્વારા વડાશ્રી/આચાર્યશ્રીને R.6.8.11 (R.6.8.11 if student fails in any head of passing and wants to improve his/her marks, he/she should be given enough opportunity to improve the marks. For this college/department will conducted internal improvement test) મુજબ યુનિવર્સિટી ની **થીયરી પરીક્ષા** યોજાય તે પહેલા ઇન્ટરનલ ઇમ્પ્રુવમેન્ટ ટેસ્ટ માટે અરજી કરવાની રહેશે. વિભાગ/કોલેજ દ્વારા આવા વિદ્યાર્થીઓ માટે પૂનઃ આંતરીક

# સરદાર પટેલ યુનિવર્સિટી
યુનિવર્સિટી રોડ, પોસ્ટ બોક્સ નંબર: ૧૦
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦ (ગુજરાત)
**નેક એક્રેડિશન ગ્રેડ "એ"**
**(૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)**

ફોન : ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫
ફેક્સ: ૦૨૬૯૨-૨૩૬૪૭૫
ઈમેલ:exam_spu@spuvvn.edu
વેબસાઇટ:www.spuvvn.edu


કસોટી આયોજન કરી જો વિદ્યાર્થીના માર્કસમાં સુધારો જણાય તો તે સુધારો ઓનલાઇન પોર્ટલમાં કરી તેની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીની સહી લેવાની રહેશે.

૪. ઉપરોક્ત તમામ બાબતો અંગે વડાશ્રી/આચાર્યશ્રી દ્વારા તેમના વિભાગ/કોલેજના આધ્યાપકો, ક્લાર્ક તથા વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે. વધુમાં વડાશ્રી/આચાર્યશ્રી દ્વારા યુનિવર્સિટી પોર્ટલ ઉપર ઓનલાઇન જમા કરાવેલ વિદ્યાર્થીઓના ઇન્ટરનલ માર્કસને વિદ્યાર્થીઓને બતાવવામાં આવેલ છે અને તેમને સંતોષ છે તે બાબતનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.

૫. યુનિવર્સિટી દ્વારા વિભાગ/કોલેજ દ્વારા આંતરીક ગુણમાં સુધારા બાબતની કોઇપણ અરજી ભવિષ્યમાં સ્વિકારવામાં આવશે નહી જેની સંબંધકર્તા સર્વેએ ખાસ નોંધ લેવી.

**નોંધ : પરીક્ષા વિભાગનો અગત્યનો પરિપત્ર, નં. ઇ–૩/૪૫૬, તારીખ : ૦૫/૦૫/૨૦૨૨ ખાસ ધ્યાનમાં લેવો.**

**નંબર/ઈ-૩/** 4422
**વલ્લભ વિદ્યાનગર**
**તારીખ : ૩૧/૦૩/૨૦૨૩**

**કુલસચિવ**

નકલ સવિનય રવાના:

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.
(૨) યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/ યુનિવર્સિટી સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.